131

ગુજરાત મેલા

તા.૪-૧૦-૦૭

# સુરત મહાનગર સેવા સદન
# જાહેર નોટીસ

## સૂચિત નગર રચના યોજના સુરત નં.૬૮(પુણા-સીમાડા)

નગર રચના યોજના નં. ૬૮(પુણા-સીમાડા)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૩૫/૨૦૦૭, તા.૦૬-૦૮-૦૭થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સંદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના નં.૬૮(પુણા-સીમાડા)

ઉપરોક્ત સ્કીમમાં મોજે : પુંણા તથા સીમાડાના નીચેના બ્લોક નંબરોનો સમાવેશ થાય છે.

બ્લોક નંબર : ૧૬૩ પૈકી ૧૬૪ થી ૧૬૬, ૧૬૭/પૈકી, ૧૬૮/પૈકી,૧૬૯, ૧૭૦/પૈકી-૧, ૧૭૦/પૈકી-૨, ૧૭૧, ૧૭૨/પૈકી, ૧૭૭/૨ પૈકી, ૧૭૮/પૈકી, ૧૭૯/પૈકી, ૧૮૦/પૈકી, ૧૮૧/પૈકી, ૨૨૦/પૈ, ૨૨૧/પૈ, ૨૨૨, ૨૨૩, ૨૨૯ થી ૨૭૮, ૨૭૯/પૈ, ૨૮૦/પૈ, ૨૮૧/પૈ, ૨૮૨/પૈ, ૨૮૩/૧ પૈ, ૨૮૩/૨ પૈ, ૨૮૪ થી ૨૮૯, ૨૯૦/પૈ, ૨૯૧/પૈ, ૨૯૨/પૈ, ૨૯૩/પૈ, ૨૯૪ થી ૩૩૨, ૩૩૩/પૈ, ૪૨૬/પૈ.

મોજે : સીમાડા

બ્લોક નંબર: ૧ થી ૩૦, ૩૩, ૯૩/પૈ, ૯૮/પૈ, ૧૦૨/પૈ, ૧૦૩/પૈ, ૧૪૪/પૈ, ૧૪૫/પૈ, ૧૫૨/પૈ, ૧૫૩/પૈ, ૧૬૦/પૈ, ૧૬૧/પૈ, ૧૬૪/પૈ, ૧૬૫, ૧૬૬.

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત બ્લોક નંબરો / રેવન્યુ સર્વે નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવેલ છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારા નં.૭-૧૨ની નકલ.

(૨)આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ બે નકલ (ડી.આઈ.એલ.આર.ની નકલ)

(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજુરીની સર્ટીફાઈડ નકલ.

(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવે હોય તો તેના પ્લાન અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.

(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજુ કરવાં જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉક્તપત્ર ન મળેલ હોય તો આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દશ)માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ ક્ષતિ થશે તેની જવાબદારી અત્રેની રહેશે નહીં. જેની નોંધ લેશો.

નં.પી.આરઓ./૩૩૬/૨૦૦૭-૦૮ — ડાયરેકટર ઓફ પ્લાનીંગ

તા.૦૩/૧૦/૨૦૦૭ — સુરત મહાનગર સેવા સદન